# સરકાર પેપરલેસ વહીવટ માટે નિષ્ઠા, સંકલ્પ અને પ્રયત્ન બતાવે

પેપરલેસ વહિવટ એટ્લે શું ? તો એમ કહી શકાય કે, જે વહીવટમાં પેપર – કાગળનો ઉપયોગ અત્યંત ઘટાડવામાં આવે કે નાબૂદ કરવામાં આવે, તથા તેના દસ્તાવેજોને ડિજિટલ સ્વરૂપમાં રૂપાંતરિત કરવામાં આવે, જેને ડિજિટાઇઝેશન પણ કહેવામા આવે છે. પેપરલેસ એટલે આપણી પાસે રહેલ માહિતીને પત્રો અને કાગળને બદલે ડિજિટલ રૂપે આદાનપ્રદાન અને સંગ્રહ કરવા. પેપરલેસ ઓફિસ કે વહીવટની  કલ્પના નવી નથી. પરંતુ, હાલમાં, મોટાભાગના વ્યવસાયો માટે, તે હજી પણ નવી જ છે, પેપરલેસ વહીવટ એક ખ્યાલ છે, આ વિચારના કેટલાક સિદ્ધાંતોનો કોઈ કંપની કે સરકાર માટે ચોક્કસપણે  લાભ છે જ.

આપણી સરકારમાં હજુ સુધી ડિજિટાઇઝેશનને વધુ પ્રમાણમાં સ્વીકારવામાં નહીં આવ્યું હોવાથી આજે પણ લોકો કે કર્મચારીઓ હેરાન થાય છે અને કામનો બોજો વધે છે, કામ ધીમું ચાલે છે. ડિજિટાઇઝેશનના અભાવે  સરકારના તમામ વિભાગોમાં તે અસર જોવા મળે છે. અહી શિક્ષણને ધ્યાનમાં રાખી કેટલાક ઉદાહરણો જોઈએ. જેમકે, વિદ્યાર્થીઓને યુનિવર્સિટી કક્ષાએ પ્રવેશ લેવા માટે કે સ્કોલરશીપ મેળવવા માટે ઓન લાઇન ફોર્મ ભરવાનું હોય છે. જેના આધારે પ્રવેશ કે સ્કોલરશિપની કામગીરી ઝડપી બને છે. પણ હજુ એ ખબર નથી પડતી કે, વિદ્યાર્થીઓ પાસે ઓનલાઈન ફોર્મ ભર્યા પછી તે ફોર્મની હાર્ડકોપી કેમ માંગવામાં આવે છે? તેવી જ રીતે નોકરી મેળવવા માટે અરજી ઓનલાઈન કરવાની, ફી પણ ઓનલાઈન ભરવાની, અને વિદ્યાર્થીએ પોતાની અરજીની હાર્ડકોપી પણ મોક્લ્વાની. આવું તો અનેક વિભાગોમાં અનેક જગ્યાએ ચાલે છે. આમ કરવા પાછળની દલીલ એ હોય શકે કે, પ્રમાણપત્રોની ચકાસણી કરવા માટે હાર્ડકોપી મંગાવવામાં આવે છે. જે દલીલ સ્વીકારી શકાય એમ નથી. કારણકે, એ તો જ્યારે પ્રવેશ આપીએ કે નોકરીના ઇન્ટરવ્યુ લઈએ  ત્યારે પણ ચકાસી શકાય. અને આમ પણ એ વખતે ચકાસવામાં આવે જ છે. પણ આ ચકાસણી એટલા માટે કરવી પડે છે કે, આપણી સરકારે હજુ સુધી ડિજિટાઇઝેશન કર્યું નથી માટે. જો સરકારના તમામ વિભાગોમાં ડિજિટાઇઝેશન હોય તો વિદ્યાર્થીઓના પ્રમાણપત્રો ઓનલાઈન હોય જ અને તપાસકર્તા એજન્સીને આ ચકાસણી કરવાની પણ ના રહે, જે આપોઆપ ઓનલાઈન ચકાસણી થઈ જ જાય.

બીજું એક ઉદાહરણ આપણા એકાઉન્ટ ઓફિસરોની સને સરકારની માનસિકતા કેવી અને કેટલી છે એ બતાવે છે. જેમકે, શાળા-કોલેજોમાં કર્મચારીઓના પગાર માટે દર મહિને બીલ મોકલવાનું હોય છે. આ માટે ઓનલાઇન એન્ટ્રી કરવાની હોય છે. તેની હાર્ડકોપી પણ મોક્લ્વાની! શા માટે? અરે એટલું જ નહીં વર્ષના બારેબાર મહિના એક પ્રમાણપત્ર પણ મોકલવાનું કે, અમારી કોલેજમાં કોઈ અધ્યાપક ટ્યુશન કરતા નથી. સરકાર આવું દર મહિને માંગે એના કરતા એક સર્ક્યુલર કરી દે કે, જ્યારે કોઈ અધ્યાપક ટ્યુશન કરે ત્યારે તેની જાણ સરકારને કરવી. તો દર મહિને આ પ્રમાણપત્ર આપવું ના પડે. અને સંશોધન કરો કે છેલ્લા પચાસ વર્ષમાં એવું એક પણ પ્રમાણપત્ર આવ્યું છે કે જેમાં કહેવાયું હોય કે , અમારા આ અધ્યાપક ટ્યુશન કરે છે. તો શા માટે દર મહિને કામનો બોજો વધારો છો અને આર્થિક અને પર્યાવરણીય નુકશાન કરો છો? બીજું ગાંડપણ જોઈએ તો. માર્ચ માહિનામાં દરેક કોલેજો પાસેથી આવતા વર્ષે નિવૃત થતાં કર્મચારીની  માહિતી મંગાવવામાં આવે છે. એ પછી પણ દર મહિને પગારબીલ સાથે આ માહિતી તો મોક્લવાની જ. શા માટે ? અરે સરકાર..... તમારી પાસે દરેક કર્મચારીઓનો ડેટા છે જ. માટે તો તમે પગાર કરો છો. હકીક્તમાં એક પરિપત્ર કરો  અને ફોર્મેટ આપો કે તમારે ત્યાં જ્યારે જે ફેરફાર થાય ત્યારે માહિતી આપવી. તો દર મહિને શાળા-કોલેજો કે આની ઓફિસોએ માહિતી મોકલવી ના પડે અને એકાઉન્ટ ઓફિસરને પણ રાહત રહે. બને છે એવું કે, કોઈ જ ફેરફાર ના હોય તો પણ દર વખતે એકની એક માહિતી મંગાવીને શા માટે બધાનો સમય અને ખર્ચ વેડફવામાં આવે છે. આવી તો અનેક બાબત હશે. જો સરકાર દ્વારા વિચારવામાં આવે, સંશોધન કરવામાં આવે તો

ઘણીબધી બિનજરૂરી ટપલો બંધ થઈ જાય. આપણા વડાપ્રધાન પણ કહે ચ્હે કે, જૂના બંજૂરિ કાયદાઓ રદ કરો, તો ગુજરાત સરકારે પણદરેક વિભાગમાં એક સમિતિ બેસાડીને સૂચનો મંગાવી, જૂના બિનજરૂરી, સમય અને ખર્ચ વેડફતા કાયદાઓ રદ કરવા જોઈએ.   હકીકતમાં આપણી સરકાર અને તેના ઘણા કર્મચારીઓની માનસિકતાને કારણે આજે પણ આમ નથી થતું.

આજેપણ સરકારી વિભાગો દ્વારા નીચેના વિભાગો કે ઓફિસો પાસેથી માહિતી માંગવામાં આવે ત્યારે ઓનલાઈન અને હાર્ડકોપી બંનેમાં માહિતી માંગવામાં આવે છે. કારણકે, ઉપરના વિભાગે જે તે માહિતીને પુરાવા રૂપે રાખવાની હોય છે. આમ કરવામાં જે તે ઓફિસનો દોષ નથી. પણ આપણી સરકારનો દોષ છે, કે જેને હજુ સુધી માહિતીનો સંગ્રહ કરવા માટે ડિજિટાઇઝેશન કર્યું નથી અને એ માટેનો આગ્રહ રાખ્યો નથી. માટે દરેક વિભાગે કે ઓફિસરે ઓનલાઈન માહિતીની સાથે હાર્ડકોપી પણ માંગવી પડે છે. નાગરિકોની સુવિધા, પારદર્શી  અને ઝડપી કામ કરવાની વાતો કરતી આપણી સરકાર જ્યાં સુધી વહીવટમાં ડિજિટાઇઝેશન નહીં કરે ત્યાં સુધી તે માત્ર વાતો જ રહેશે.

પેપરલેસ વહીવટ કરવો હવે અઘરો નથી. તે માટે નિષ્ઠા, વિશ્વાસ અને પ્રયત્નો જોઈએ. આ ત્રણે બાબતનો અભાવ આપણી સરકારમાં જોવા મળે છે. એક વિચાર કરો  કે, અન્ય દેશોની સરખામણીમાં આપણે ત્યાં વસ્તી વધુ. અન્ય દેશોમાં વસ્તી ઓછી છતાં ત્યાં પેપરલેસ કામ કરવામાં આવે છે. હકીક્તમાં તેઓ મેન્યુઅલી કરે તો પણ ચાલે. પણ એનાથી ઊલટું ચાલે છે. આપણે ત્યાં વસ્તી વધુ, જેથી કામનું ભારણ વધુ હોય, છતાં આપણે ત્યાં પેપરલેસ કામ ભાગ્યેજ થાય છે, મોટાભાગનું કામ મેન્યુઅલી જ થાય છે. સરકારે મેન્યુઅલીમાંથી પેપરલેસમાં આવવું હશે તો તે માટે દ્રઢ સંકલ્પ સાથેના પ્રયત્નો અત્યારથી જ કરવા પડશે, તો તેનો સંપૂર્ણ લાભ આ પેઢીને તો નહીં મળે, પણ આવતી પેઢી તો મેળવી શકે! ડિજિટાઇઝેશન કરવું અશક્ય પણ નથી અને અઘરું પણ નથી. છતાં પણ આ કરવા માટેની સંપૂર્ણ પ્રયત્નો હજુ દેખાતા નથી.

ડિજિટાઇઝેશન કે પેપરલેસને કારણે  દરસ્તાવેજ કે પુરાવાઓ કે માહિતીને સારી રીતે સાચવી શકાય છે અને સારી રીતે ઉપયોગ કરી શકાય છે. માહિતીનું આદાનપ્રદાન ઝડપી અને ઓછા ખર્ચે થઈ શકે છે.  પેપરલેસ ફાઈલો સરળતાથી ઓછી જગ્યામાં ગોઠવી શકાય છે અને સરળતાથી પ્રાપ્ત કરી શકાય છે. (અત્યારે એક ઓફિસમાં 1000 તિજોરીમાં રહેલી ફાઈલોનો સમાવેશ  માત્ર એક કમ્પ્યુટરમાં કરી શકાય. વિચારો કે કેટલી બધી જગ્યા બચે? કેટલી ઓફિસો ઓછી થાય? અહી તિજોરીની જગ્યાએ એક સારા સર્વર કે કમ્પ્યૂટરની જરૂર છે. બેકઅપ લેતા રહો. તિજોરીઓમાં રહેલી ફાઈલો શોધવામાં અને અન્ય જગ્યાએ પહોંચાડવામાં જે સમય અને ખર્ચ થાય છે તે ઘટાડી શકાશે.). ડિજિટાઇઝેશનને કારણે કાગળની બચત થશે. પર્યાવરણનો બચાવ થશે. ટૂંકમાં સૌથી મોટો ફાયદો સમય અને ખર્ચમાં થશે.

આજે પણ નાના નાના કામ માટે કે માહિતી મેળવવા માટે ઓફિસોના ધક્કા ખાવા પડે છે. એવી વ્યવસ્થા કેમ ના થઈ શકે કે, કોઈપણ વ્યક્તિ પોતાના ઘેર બેસીને ઓનલાઈન માહિતી મંગાવી શકે કે આપી શકે. હા. કોઈ દલીલ કરે કે વાઇરસ કે હેકર દ્વારા નુકશાન થાય તો ? તો એની સામે પણ દલીલ છે કે, આપણી ઘણી ઓફિસોમાં આગ લાગવાથી કે ફાઈલો ખોવાઈ જવાથી શું થયું ? હકીકતમાં આજે પણ બેંકોની તમામ કામગીરી  ડિજિટાઇઝેશન સ્વરૂપે જ થાય છે. કેટલી સરસ, સરળ અને ઝડપી વ્યવસ્થા છે? આજે ખાનગી કંપનીઓમાં જેટલા પ્રમાણમા ડિજિટાઇઝેશન છે એટલું સરકારમાં નથી. કેમ ? અત્યારના આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતમાં મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે આ બાબત પર ખાસ ભાર મૂકેલો, જેને આજની સરકારે હજુ પૂરો કર્યો નથી. એમાં સરકારે નિષ્ઠા અને ડિજિટાઇઝેશન પર વિશ્વાસ રાખી આઈ.એ.એસ. અધિકારીને દ્રઢતાપૂર્વક સૂચના આપવાની છે કે આવું કરો અને થવું જ જોઈએ. સાથે સમયમર્યાદા આપો. શરૂઆતમાં કદાચ મુશ્કેલી આવશે. પણ પાંચપંદર વર્ષે તો પાટા પર ચડી જઈશું. આ માટે જૂની માનસિકતા ધરાવતા કર્મચારીઓ અને લોકોની પણ માનસિકતા બદલવી જ પડશે.